# સેકટરોમાં કટાયેલા અને ખુલ્લા વિજ થાંભલા જોખમી પુરવાર થવાની દેહશત

**સ્ટ્રીટ લાઇટના થાંભલા પર ચિપકાવેલા ચોપાનિયા દુર કરવાની સાથે જાળવણી માટે પણ તંત્રએ જાગૃત થવાની અનિવાર્યતા હોવાનો સુર**



ગાંધીનગર તા ૧૬

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ પર ચિપકાવેલા ચોપાનિયા દુર કરવા માટે કોર્પોરેશનનુ તંત્ર મોડે મોડે પણ જાગૃત થયુ છે. પરંતુ હાલ સેકટરોમાં સ્થિત કટાયેલા વિજથાંભલાઓ સેકટરની સુંદરતાને ઠેસ પહોંચાડી રહ્યા છે. જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલાના ઢાંકણ પણ ખુલ્લા હોવાથી ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. આવા સંજોગોમાં વિજથાંભલાની જાળવણીનુ કામ પણ હાથ ધરાય તેવો સુર પણ સ્થાનિકોમાં ઉઠવા પામ્યો છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. સેકટરોના આંતરિક માર્ગો પર ખુલ્લા થાંભલા કટાયેલી હાલતમાં હોવાથી ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન તંત્ર દ્વારા શહેરના મુખ્યમાર્ગો પર થાંભલાઓને રંગરોગાન કરી સંતોષ માની લેવામાં આવ્યો હતો. જયારે સેકટરોના આંતરિક માર્ગો પર કટાયેલા થાંભલાના લીધે માર્ગ આસપાસ બિહામણાં દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

એકબાજુ નગરની સુંદરતાને ઠેસ ન પહોંચે તે માટે કોર્પોરેશન દ્વારા સ્ટ્રીટ લાઈટના થાંભલા પર પેમ્ફલેટ ચિપકાવી જાહેરાત કરતી સંસ્થાઓને નોટીસ ફટકારી દંડ વસુલવામાં આવી રહ્યો છે. પરંતુ જાહેરાત સિવાય

● અનુસંધાન પાન-૭ પર

# આર.ટી.ઈ. યોજના અન્વયે જિલ્લામાં ૨૭૧૮ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો

**૩૧૧૮ વિદ્યાર્થીઓના લક્ષ્યાંક સામે ૨૭૧૮ ને પ્રવેશ : ૩૬ વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરાયો**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજયુકેશન અન્વયે ૩૧૧૮ વિદ્યાર્થીઓના લક્ષ્યાંક સામે ૨૭૧૮ને પ્રવેશ આપવામાં આવ્યો છે. જયારે ૩૬ કિસ્સામાં વિદ્યાર્થીઓનો પ્રવેશ રદ કરાયો છે. આર ટી ઈ અન્વયે વિદ્યાર્થીઓને નિયત શરતો મુજબ ધો -૧ માં પ્રવેશ આપવામાં આવે છે. જયારે આ યોજના અન્વયે વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપરાંત આનુસંગિક સુવિધાઓ પુરી પાડવા સહીત ધો -૮ સુધી વિના મુલ્યે શિક્ષણ પુરુ પાડવામાં આવે છે.

રાઈટ ટુ એજયુકેશન અન્વયે તા ૧ જુન વર્ષ ૨૦૧૯ ના રોજ પાંચ વર્ષ પુર્ણ કર્યા હોય તે બાળકને શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અનાથ, સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળા, બાલગૃહના, ખાસ જરૂરિયાતવાળા શારિરીક વિકલાંગ, એચ આઈ વી અસરગ્રસ્ત, શહીદ થયેલા જવાનોના બાળકો, જીરોથી ૨૦ આંક ધરાવતા તમામ કેટેગરીના બી પી એલ કુંટુંબના બાળકો તેમજ ગ્રામ્ય વિસ્તારના જે પરિવારની ૧.૨૦ લાખ જયારે શહેરી વિસ્તારમાં ૧.૫૦ લાખ વાર્ષિક આવક મર્યાદા ધરાવતા અનુસુચિત જાતિ તથા જનજાતિ કેટેગરીના બાળકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તેમજ વિચરતી વિમુખતી જાતિના બાળકો અને બિન અનામત એટલે કે જનરલ કેટેગરીના બાળકોને અગ્રતા આપવામાં આવે છે. આ ઉપરાંત આવકની અગ્રતા તેમજ વાલીએ પસંદ કરેલી શાળાની અગ્રતા ક્રમાનુસાર ધ્યાને લઈને પ્રવેશ આપવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના સ્વર્ણિમ પાર્કમાં નિર્માણ કરાયેલી દુકાનો વર્ષોથી બિનઉપયોગી

**બે વારા હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રીયા પણ અટવાઇ : પાર્કમાં નિર્માણ કરાયેલી દુકાનોના ખર્ચ પર પાણીઢોળ : સહેલાણીઓને પણ ખાણી પીણીની ચીજવસ્તુઓ મળતી નથી**

ગાંધીનગર તા ૧૬

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં રોજબરોજ મોટી સંખ્યામાં સહેલાણીઓ આવતા નજરે પડે છે. ઉનાળાની આકરી ગરમીમાં આ પાર્ક અનેક આકર્ષણો વચ્ચે નગરજનો માટે ફેવરેબલ સ્પોટ બન્યો છે. પરંતુ હજુ સુધી આ પાર્કમાં સ્થિત ૧૬ જેટલી દુકાનો બિનઉપયોગી હાલતમાં છે. દુકાનોને ભાડા પેટે ફાળવવા માટે બે વાર હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રીયા પણ અટવાઈ પડતા સહેલાણીઓને ખાણીપીણીની ચીજવસ્તુઓ સહીતની સુવિધાઓ પાર્કમાં ઉપલબ્ધ થતી નથી.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં તૈયાર કરાયેલી દુકાનો છેલ્લા કેટલાક વર્ષોથી બિનઉપયોગી હાલતમાં જોવા મળી રહી છે. દુકાનોની જાળવણી પાછળ પણ ખર્ચ ઉઠાવો પડે છે . સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓને ખાણી પીણીની જરૂરી ચીજવસ્તુઓ મળી રહે તેવા આશયથી પાર્કની બન્ને બાજુએ ૧૬ દુકાનોનુ નિર્માણ કરાયુ હતુ. જયારે આ દુકાનો ભાડેથી ફાળવીને વિવિધ ખાણીપીણીની ચીજવસ્તુઓ સહેલાણીનોને ઉપલબ્ધ થાય તે માટે અગાઉ બે વાર ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરાઈ હતી. પરંતુ હજુ સુધી આ મામલે કાંઈ થઈ શક્યુ નથી. જેના લીધે પાર્કમાં લાખોના ખર્ચે તૈયાર કરાયેલી દુકનો બિનઉપયોગી હાલતમાં જોવા મળી રહી છે. બીજીતરફ ઉનાળાની આકરી ગરમીમાં રોજબરોજ પાર્કમાં આવતા મુલાકાતીઓને પણ કોઈ સુવિધા મળતી નથી. જેના લીધે સહેલાણીઓમાં પણ રોષ પ્રવર્તયો છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત વિશાળ પાર્કમાં જરૂરી ચીજવસ્તુઓ ન મળતા પરિવારજનો સાથે આવતા મુલાકાતીઆને પણ દુવિધા વેઠવી પડે છે. સ્વર્ણિમ પાર્કમાં નિર્માણ કરાયેલી દુકાનોને પણ વર્ષોનો સમય વિતી ગયો છે.ત્યારે આ મામલે અગાઉ બે વાર ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરાઈ હતી. પરંતુ કોઈ કારણોસર આ ટેન્ડર પ્રક્રીયા અટકી જતા હજુ સુધી દુકાનોને ફાળવી શકાઈ નથી. ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ દુકાનોને અનુલક્ષી માર્ગ મકાન વિભાગ દ્વારા પુન : વિચારણા હાથ ધરવામાં આવી હતી. પરંતુ હાલની સ્થિતિએ પણ આ મામલે કોઈ ગતિવિધિ હાથ ધરવામાં આવી નથી. ત્યારે સ્વર્ણિમ પાર્કમાં સ્થિત દુકાનો ત્વરિત અસરથી ફાળવવામાં આવે તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.



વિચિત્ર વિરોધાભાસ - ઠંડા પાણીના પાઉચ વેચીને ગુજરાન ચલાવતી શ્રમિક મહિલા કેવી ગરમી સહન કરે છે... ધોમધખતા તાપમાં પોતાના વ્હાલસોયા સંતાનને ૪૨ ડિગ્રી તાપમાનમાં પણ લારી પર ખુલ્લામાં બેસાડી ઠંડા પાણીના પાઉચની પેટી લઈ ખરા બપોરે ગંતવ્ય સુધી પહોંચવા અને પેટિયું રળવા આ મહિલા આકરી ગરમીમાં પણ ઠંડક વેંચવા નીકળી છે... છે ને વિચિત્ર વિરોધાભાસ....

# ગુજરાતી માધ્યમની ટાટની પરીક્ષાનું રિઝલ્ટ જાહેર

**પરીક્ષાનું ૬૨.૩૨ ટકા પરિણામ જાહેર કરાયું : ટાટમાં ૧૮૬૭૪૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જે પૈકીના ૧૨૦૮૬૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : રિપોર્ટ**

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આજે માધ્યમિક શાળામાં શિક્ષકોની ભરતી માટેની ટાટ(ટીચર્સ એપ્ટીટ્યૂડ ટેસ્ટ)નું પરિણામ જાહેર કરવામા આવ્યું હતું. ગત તા.૨૭ જાન્યુઆરીએ લેવાયેલી ટાટ(માધ્યમિક) આ પરીક્ષામાં ૧,૮૬,૭૪૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જે પૈકીના ૧,૨૦,૮૬૨ હાજર રહ્યાં હતા અને ૬૫,૮૭૬ ગેરહાજર રહ્યાં હતા. આ પરીક્ષાનું કુલ પરિણામ ૬૨.૩૨ ટકા જાહેર કરવામાં આવ્યું છે. ટાટની પરીક્ષાના પરિણામને લઈ આજે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ભારે ઉત્સુકતા અને ઈન્તેજારી જોવા મળ્યા હતા. પરિણામ જાહેર કરવાને લઈ રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પણ ખાસ વ્યવસ્થા કરાઈ હતી. આ વર્ષે લેવાયેલી ટાટની પરીક્ષામાં ૧,૮૬,૭૪૨ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જે પૈકીના ૧,૨૦,૮૬૨ હાજર રહ્યાં હતા અને ૬૫,૮૭૬ ગેરહાજર રહ્યાં હતા. માધ્યમિક શાળામાં શિક્ષકોની ભરતી માટે ટાટની આ પરીક્ષા ફરજિયાત હોઈ ઉમેદવારો માટે ઘણી મહત્વની મનાય છે. ઉમેદવારો શિક્ષક બનવાની આશા સાથે ભારે મહેનત કરી આ પરીક્ષા આપતાં હોય છે.

# મેડીકલ કોલેજમાં પી.જી.ના અભ્યાસક્રમ માટે અરજી કરી દેવાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મેડીકલ કોલેજમાં પી.જી. અભ્યાસક્રમ ચાલુ કરવાની મંજૂરી આ વર્ષે પણ માંગવામાં આવી છે.

મેડીકલ કોલેજના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ મંજૂરી માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાને જરૂરી વિગતો સાથે અરજી કરી દેવામાં આવી છે. જેમાં ૮ જેટલી વિવિધ શાળાઓના અભ્યાસક્રમની મંજૂરી માંગવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે માઈક્રોબાયોલોજી, પેથોલોજી, ઈ.એન.ટી., એનેસ્થેસિયા, ઓપ્થલમોલોજી જેવી શાળાઓનો પણ સમાવેશ થાય છે. કોલેજ ખાતે ડી.એમ.જી.ના ચાર જેટલા અભ્યાસક્રમો ચાલી રહ્યા છે તેમાંથી ત્રણેક જેટલા વિભાગોમાં ઉચ્ચ અભ્યાસક્રમ માટેની મંજૂરી મળશે તેવો વિશ્વાસ છે.

કોલેજના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નવા પી.જી.ના અભ્યાસક્રમો શરૂ થાય તે માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે અનો કાઉન્સીલના ઈન્સ્પેક્શન પહેલાં તે પૂર્ણ કરી દેવામાં આવશે.


## જોઈએ છે બાલમંદિર માટે શિક્ષિકા બહેન

શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ સંચાલિત શિશુ વિહાર માટે પ્રી. પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વ હસ્તાક્ષરમાં અરજી સાથે શૈક્ષણિક લાયકાતના અસલ પ્રમાણપત્રો સાથે તા. ૩૦/૫/૨૦૧૯ના રોજ સવારે ૯-૩૦ કલાકે સ્વયં ઉપસ્થિત રહેવું.

પ્રમુખ/મંત્રી
શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ
સરઢવ, તા.જી. ગાંધીનગર, પીનકોડ-૩૮૨૬૪૦

## ટેન્ડર કમ / જાહેર હરાજી

આ સંસ્થાના બીન ઉપયોગી શૈક્ષણિક સાધનો, ફર્નિચર, ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોનો જે છે તે સ્થિતિમાં ટેન્ડર કમ / જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોઈ સંસ્થાને રસ ધરાવતા ઈસમોએ પોતાના ખરીદ ભાવ સીલબંધ કવરમાં જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭માં મળે તે રીતે રૂબરૂ / રજી.પોસ્ટથી મોકલી આપવા.

**(A) નિકાલપાત્ર બીન ઉપયોગી સાધનોની વિગત (ત્રણ લોટ)**
**લોટ નંબર**
(૧) વિજ્ઞાનના શૈક્ષણિક સાધનો, ફર્નિચર વિગેરે
(૨) રમતગમતના તૂટેલા - જર્જરિત સાધન, લોખંડ ભંગાર - કુલર વિગેરે
(૩) બીન ઉપયોગી ઈલેક્ટ્રોનિક સાધનો - ભંગાર
**(B) નોંધ :**
(ક) નિકાલપાત્ર વસ્તુઓ ત્રણ અલગ અલગ લોટમાં સ્થળે રૂબરૂ જોવા માટેનો સમય સવારના ૮-૩૦થી ૧૦-૩૦ રહેશે.
(ખ) ત્રણ લોટ મુજબ લોટ દીઠ અલગ અલગ ભાવ અલગ કવરોમાં તથા કવર ઉપર જેના ભાવ લખેલા હોય તે લોટનો નંબર દર્શાવવાનો રહેશે.
(ગ) નિયત સમયમાં આવેલ ટેન્ડર ખોલી જરૂર જણાયે જાહેર હરાજી કરવાની થશે તો તા. ૩૦/૫/૨૦૧૯ના રોજ ૧૧-૩૦ કલાકે કરવામાં આવશે.
(ઘ) આ બાબતે મંડળનો નિર્ણય આખરી ગણાશે.

પ્રમુખ/મંત્રી
શ્રી સરઢવ કેળવણી ઉત્તેજક મંડળ
સરઢવ, તા.જી. ગાંધીનગર, પીનકોડ-૩૮૨૬૪૦


# અડાલજની વાવ નિહાળવા હવે પ્રવાસીને રૂપિયા ૨૫ ચૂકવવાના રહેશે

**કાર્ડ અથવા તો કેશલેસ પેમેન્ટ કરનારને ડિસ્કાઉન્ટ : ભારતીય અને સાર્ક દેશના પ્રવાસીઓએ રૂપિયા ૨૫ અને અન્ય દેશોના પ્રવાસીઓએ રૂપિયા ૩૦૦ ચૂકવવાના રહેશે**

ગાંધીનગર, તા.૧૬

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે આવેલી ઐતિહાસિક અડાલજની વાવ માટે હવે રૂ.૨૫નો ખર્ચ કરવો પડશે. આ વાવમાં અનેક યાદગાર ફિલ્મોના શુટિંગ થઈ ચૂક્યાં છે. બીજી તરફ અડાલજની વાવ જોવા માટે દૂર-દૂરથી પ્રવાસીઓ આવતા હોય છે. યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ અને પાટણની રાણકી વાવ પછીની બીજા નંબરની લોકપ્રિય એવી અડાલજ વાવમાં દર વર્ષે લાખો પ્રવાસીઓ મુલાકાત લેતા હોય છે. ત્યારે હવે ટિકિટના દરના વધારાના કારણે પ્રવાસીઓની સંખ્યામાં અસર પડે તેવી શક્યતા છે. ખાસ કરીને, કેશલેસ પેમેન્ટમાં ભારતીયો-સાર્ક દેશોના લોકોએ રૂ.૨૦ અને અન્ય દેશોના લોકોએ રૂ.૨૫૦ ચૂકવવાના રહેશે. અડાલજ વાવને આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા(એએસઆઈ)ના શેડ્યુલ-બીના લિસ્ટમાં મુકવામાં આવી છે. તેથી આગામી તા.૨૦મેથી અડાલજ વાવને જોવા માટે ભારતીય અને સાર્ક દેશોના પ્રવાસીઓએ રૂ. ૨૫ અને અન્ય દેશોના પ્રવાસીઓએ રૂ.૩૦૦ ચૂકવવા પડશે. અડાલજની વાવમાં એક ટિકિટ કાઉન્ટર મુકવામાં આવશે. વાવની આસપાસ આવેલી જાહેર સુવિધાઓ પણ સુધારવામાં આવશે. ગુજરાત ટુરીઝમ દ્વારા એક કિઓસ્ક અને ઈન્ફોર્મેશન સેન્ટર પણ વાવના પરિસરમાં પ્રવેશ દ્વાર પાસે તૈયાર કરાશે.



# પેયજળના ક્લોરીનેશન માટે ગ્રામ્યસ્તરે લોગબુક જાળવણી પ્રથા વિકસાવો : ડીડીઓ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ફૂડ પોઈઝનીંગના વધી રહેલા બનાવોનો પડઘો આજે સંચારી રોગની મળેલ ત્રિમાસિક બેઠકમાં પડવા પામ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ આ બેઠકમાં પાણીના ક્લોરીનેશનને લઈ પણ ગંભીર ચિંતાની લાગણી વ્યક્ત કરાઈ હતી. આ માટે દરેક જગ્યાએ ખાસ લોગબુક મેઈનટેઈન કરવામાં આવે તે માટે પણ કડક સૂચના આપવામાં આવી હતી.

છેલ્લા ૧૫ દિવસમાં ફૂડ પોઈઝનીંગની બનેલી ત્રણ ઘટનાઓને પગલે આજની આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ આ માટે જનજાગૃતિ પર ભાર મુક્યો હતો એટલુ જ નહિ તેમણે જણાવ્યુ હતુ કે તંત્ર એ લોકો સાથેનો નાતો મજબુત બનાવવો પણ જરૂરી છે જે ગરમીમાં કયા પ્રકારનો ખોરાક લઈ શકાય તેની સમજ આપી શકે. તેમણે કહ્યું કે આવા બનાવો અટકાવવા માટે અખાદ્ય ચીજોનો વેપલો કરનારા તત્વો સામે તંત્રએ લાલ આંખ કરવી જોઈએ.

**ફૂડ પોઈઝનીંગની ઘટનાઓ બનતી અટકાવવા લોક-જાગૃતિ કેળવવા તાકીદ**

તેમણે કહ્યુ કે ગામમાં પ્રસંગ હોય અને તંત્રના કોઈને ખબર ના હોય તેવુ ભાગ્યે જ બને. આ બાબતે આયોજકોનો સંપર્ક કરી અને સાવધાની માટે શું પગલાં લેવા તેનાથી સમજૂત કરી અને મોટી ઘટના બનતી નિવારી શકાય છે. જરૂર પડ્યે આયોજકો પાસેથી લેખિત બાંહેધરી પણ લેવી જોઈએ.

આજની આ બેઠકમાં પાણીના ક્લોરીનેશનને લઈ ગ્રામ્યવિસ્તારમાં ખાસ લોગબુક નિભાવવાનો આગ્રહ કરી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ મલ્ટી પરપઝ વર્કરને પણ આ જવાબદારી સોંપી, તબીબ દ્વારા સપ્તાહમાં બે વાર ચકાસણી કરવી જોઈએ. તાલુકા કે જિલ્લાના અધિકારીઓ પ્રવાસે જાય ત્યારે તેની ચકાસણી કરવાનો પણ આગ્રહ રાખવો જોઈએ એટલુ જ નહિ લોકબુકમાં એન્ટ્રી કરવી જોઈએ.

તેમણે પાણીના ક્લોરીનેશન માટે સરપંચોમાં પણ જાગૃતિ આવે તે માટે પંચાયત અધિનિયમની જોગવાઈઓનો ઉલ્લેખ કરી અને પત્ર પાઠવવો જોઈએ તેવુ સૂચન

● અનુસંધાન પાન-૭ પર


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com